# મૈત્રી

– રમણલાલ સોની

એક ગુરુના બે વિદ્યાર્થી. એકનું નામ રઘુનાથ, બીજાનું નામ નિમાઈ.

ગુરુ મહા વિદ્વાન – શિષ્યોને ભણાવવાનો એમને ભારે ઉત્સાહ. અઘરું ભણવાનું પણ એવી સરસ રીતે ભણાવે કે તરત સમજાઈ જાય. તેમાંય વ્યાકરણનો વિષય જે અઘરામાં અઘરો ગણાય તે સાવ સરલ બની જાય.

મોટા ભાગના વિદ્યાર્થીઓ વ્યાકરણનું નામ સાંભળી ડરે, એમને એમાં જરા પણ રસ ન પડે, પણ આ બે વિદ્યાર્થીઓને મન વ્યાકરણ એટલે કાંઈ નહિ ! કાવ્ય–શાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, આવાં અનેક શાસ્ત્રોમાં આ બે વિદ્યાર્થીઓ પારંગત થઈ ગયા. ગુરુ એમના પર અત્યંત પ્રસન્ન હતા.

એક વાર ગુરુએ કહ્યું : 'તમે જે સમજ્યા છો તે લખો. એવી રીતે લખો કે જે વાંચે તેને પૂરેપૂરું સમજાય અને તેય તમારા પંડિત બની શકે.'

બંને વિદ્યાર્થીઓએ આ કામ હાથમાં લીધું.

એકેક પ્રશ્ન લઈ બંને જણ તેના પર વિચાર કરે અને પછી લખે.

આમ કરતાં બંનેએ પોતાનો ગ્રંથ પૂરો કર્યો.

હવે તે ગ્રંથ ગુરુને અર્પણ કરવાનો હતો. જેનો ગ્રંથ શ્રેષ્ઠ ઠરે તેને ગુરુ પોતાનો પટ્ટશિષ્ય જાહેર



કરી ગુરુ–ગાદી પર તેનો અભિષેક કરવાના હતા. વિદ્યાર્થી માટે આથી ચડિયાતું કોઈ માન નહોતું.

બંને વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર ગાઢ મૈત્રી હતી. તેથી બંનેએ વિચાર કર્યો કે ગુરુજીને ગ્રંથ સોંપતાં પહેલાં આપણે બેઉ એકબીજાનો ગ્રંથ વાંચીએ. વાચનમાં વિક્ષેપ ન પડે એ હેતુથી બંને જણ એક હોડકું લઈને નદીમાં સહેલ કરવા નીકળી પડયા. એક જણ ધીરે ધીરે હલેસાં મારી હોડકું ચલાવે ને બીજો તેને પોતાનો ગ્રંથ વાંચી સંભળાવે. – આવી એમણે યોજના કરી. પહેલો વારો લીધો રઘુનાથે. તેણે પોતાનો ગ્રંથ નિમાઈને વાંચી સંભળાવ્યો. નિમાઈ કહે : ગ્રંથ સરસ લખાયો છે.'

તે પછી નિમાઈનો વારો આવ્યો. તેણે પોતાનો ગ્રંથ વાંચી સંભળાવવા માંડયો. બે ચાર પ્રકરણ વંચાયાં, ત્યાં નિમાઈએ જોયું તો રઘુનાથનું મોં પડી ગયું હતું. તેણે પૂછ્યું : 'મિત્ર, એકાએક તું કેમ ઉદાસ થઈ ગયો ?'

રઘુનાથની આંખોમાં આંસુ આવી ગયાં. તેણે કરુણ સ્વરે કહ્યું : 'નિમાઈ ! તારો ગ્રંથ મારા ગ્રંથ કરતાં અનેક રીતે ઉત્તમ છે. આજ સુધી હું એવું સમજતો હતો કે મેં એક અદ્‌ભુત ગ્રંથ લખ્યો છે ને જગતમાં મારું નામ થઈ જશે. પણ હવે મને લાગે છે કે તારા ગ્રંથ આગળ મારા ગ્રંથની કંઈ વિસાત નથી. આમ મારા અહંકાર ઉપર ઘા પડયો, એટલે મને રડવું આવી ગયું. પણ મારી એ ભૂલ હતી. તેં–મારા મિત્રે આવો ઉત્તમ ગ્રંથ લખ્યો તેથી હું ખુશ છું.'

એક પળમાં નિમાઈએ વિચાર કરી લીધો. તે બોલ્યો : 'તેં મારા મિત્રે આવો ઉત્તમ ગ્રંથ લખ્યો તેથી હું ખુશ છું. હું કહું છું કે રઘુનાથ પંડિતનો જ ગ્રંથ લખ્યો તેથી હું ખુશ છું. હું કહું છું કે રઘુનાથ પંડિતનો જ ગ્રંથ અજોડ છે અને અજોડ રહેશે.'

બોલતાં બોલતાં એણે પોતાનો ગ્રંથ ગંગાજીના વહેતા જળમાં ફેંકી દીધો.

'હેં ! હેં ! આ શું કર્યું ?' કહી રઘુનાથ એ ગ્રંથ પાછો લાવવા પાણીમાં કૂદી પડયો. એણે ઘણી મહેનત કરી, પણ ગ્રંથ હાથમાં આવ્યો નહિ. હવે એ પહેલાં કરતાંયે વધારે ઉદાસ બની ગયો.

નિમાઈએ એને પાણીમાંથી ઊંચકી હોડીમાં લઈ લીધો.

આમ, મિત્રે મિત્રની ખાતર પોતાને મળનારી કીર્તિનો ત્યાગ કર્યો.

આનું નામ મૈત્રી.

■